# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૪ C તા. ૧૨-૦૧-૨૦૨૪

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન "રમતોત્સવ" માં ભાગ લેવા બાબત.
સંદર્ભ : અ.મ્યુ.કો.પરિપત્ર નં. ૦૪ તા.૦૪-૦૧-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. સદર રમતોત્સવમાં ભાગ લેવા ઈચ્છતા અધિકારી / કર્મચારીઓએ આ સાથે સામેલ સંદર્ભિત પત્ર મુજબની સૂચના અનુસાર ભાગ લેવા જણાવવામાં આવે છે.

બિડાણ :-સંદર્ભિત પત્ર
તા.૧૨-૦૧-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

| | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન<br>અંબુભાઈ પુરાણી વ્યાયામ વિધ્યાલય, કાંકરીયા<br>અમદાવાદ-૩૮૦૦૨૨<br>(E-mail-apvv@ahmedabadcity.gov.in) | |
|---|---|---|

**પરિપત્ર નં.- ૦૪** **તા. :૦૪/૦૧/૨૦૨૪**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ તેના કર્મચારીઓ માટે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરનાર છે. જેમા અ.મ્યુ.કો.ના હોસ્પીટલ, સ્કુલ બોર્ડ, એ.એમ.ટી.એસ. તથા મા.જે.પુસ્તકાલય સહિત તમામ મ્યુનિ.ખાતાઓના અધિકારીશ્રીઓ,કર્મચારીઓ તથા માનનીય મ્યુનિ.કાઉન્સીલર્સશ્રીઓ વિગેરે ભાગ લઈ શકશે.

આ રમતોત્સવમાં ભાગ લેનારને જે તે સ્પર્ધાના ચાલુ દિવસોએ ફરજ ઉપર હાજર ગણવાના થશે . આ રમતોત્સવ મુખ્યત્વે ચાર વિભાગમાં વહેંચાયેલો છે.

(૧) ખેલકૂદ રમતો (૨) ઈન્ડોર રમતો

(૩) સાંધિક રમતો (૪) એર રાઈફલ શૂટીંગ

**૧: ખેલકૂદ રમતો :-**

દરેક હરીફ ભાઈ - બહેન પોતાના વિભાગ ની જ રમતોમાંથી વધુમાં વધુ કોઈ પણ ત્રણ રમતમાં ભાગ લઈ શકશે.જો કોઈ હરીફ ત્રણ કરતા વધુ રમતમાં ભાગ લેતો માલુમ પડશે તો તેની તમામ રમતો રદ ગણવામાં આવશે. જે રમતમાં ચાર કરતા ઓછા હરીફ સ્પર્ધાના સ્થળ ઉપર હાજર હશે તે રમત સ્પર્ધા સમયે રદ કરવામાં આવશે. આ અંગે અગાઉથી જાણ કરવામાં આવશે નહી.

૧: ખેલકૂદ ની હરીફાઈમાં ભાઈઓ તથા બહેનો અલગ અલગ ચાર વિભાગમાં વય જુથમાં નીચે મુજબની રમતો યોજાશે.

## -:ભાઈઓની ખેલકૂદ રમતો :-

| અ.નં. | ૩૦ વર્ષ સુધી<br>અ વિભાગ | ૩૧ થી ૪૦ વર્ષ<br>બ વિભાગ | ૪૧ થી ૫૦ વર્ષ<br>ક વિભાગ | ૫૦ વર્ષ ઉપર<br>ડ વિભાગ |
|---|---|---|---|---|
| ૧: | ૭૫ મી.દોડ | ૭૫ મી.દોડ | ૭૦ મી.દોડ | ૫૦ મી.દોડ |
| ૨: | લાંબી કૂદ | લાંબી કૂદ | નિશાન તાક(૭મી.) | નિશાન તાક (૫ મી.) |
| ૩: | ઊંચી કૂદ | ઊંચી કૂદ | વોલીબોલ ફેંક | વોલીબોલ ફેંક |
| ૪: | વોલીબોલ ફેંક | વોલીબોલ ફેંક | લાંબી કૂદ | બેઝબોલ ફેંક |
| ૫: | ગોળાફેક(૧૬ રતલ) | ગોળા ફેંક(૧૬ રતલ) | ગોળાફેંક(૧૨ રતલ) | ગોળાફેંક(૮ રતલ) |

## -:બહેનો માટેની ખેલકુદ રમતો :-

| અ.નં. | ૩૦ વર્ષ સુધી<br>અ વિભાગ | ૩૧ થી ૪૦ વર્ષ<br>બ વિભાગ | ૪૧ થી ૫૦ વર્ષ<br>ક વિભાગ | ૫૦ વર્ષ ઉપર<br>ડ વિભાગ |
|---|---|---|---|---|
| ૧: | ૭૫મી.દોડ | ૭૫ મી.દોડ | ૭૦ મી.દોડ | ૫૦ મી.દોડ |
| ૨: | બેઝબોલ ફેંક | બેઝબોલ ફેંક | ૫૦ મી.ઘડાદોડ | ૪૦ મી.ઘડાદોડ |
| ૩: | લાંબી કૂદ | ૫૦ મી.ઘડાદોડ | નિશાનતાક(૫ મી.) | નિશાન તાક (૫ મી.) |
| ૪: | વોલીબોલ ફેંક | વોલીબોલ ફેંક | બેઝબોલ ફેંક | બેઝબોલ ફેંક |
| ૫: | ગોળાફેંક(૮ રતલ) | ગોળા ફેંક(૮ રતલ) | વોલીબોલ ફેંક | વોલીબોલ ફેંક |

**૨: ઈન્ડોર રમતો :**

આ વિભાગમાં કેરમ, ચેસ, ટેબલ ટેનીસ અને બેડમિન્ટનનો સમાવેશ થાય છે. આ સ્પર્ધાઓ ઉંમર વિભાગ પ્રમાણે ભાઈઓ તથા બહેનો માટે રાખવામાં આવે છે. ઈન્ડોર રમતમાં ભાગ લેનાર હરીફ વધુમાં વધુ પાંચ રમતમાં ભાગ લઈ શકશે. તેનાથી વધુ રમતમાં ભાગ લેનારની તમામ રમતો રદ ગણવામાં આવશે. તે હરીફને બે વર્ષ માટે કોર્પો.રમતોત્સવમાંથી બાકાત રાખવામાં આવશે. આ રમતો પૈકી બેડમિન્ટનની રમત ઈન્ડોરના બેડમિન્ટન કોટ ઉપર રમાડવામાં આવશે. સંજોગોવસાત સ્થળ સમય કાર્યક્રમમાં ફેરફાર કરવાની સત્તા પ્રિન્સિપાલ વ્યાયામ વિદ્યાલય, કાંકરીયાની રહેશે. જે રમતમાં ચારથી ઓછા હરીફો હશે તે રમત સ્પર્ધા સમયે જ રદ કરવામાં આવશે. ઈન્ડોર રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય એમ ત્રણ વિજેતાઓને ઈનામો અપાશે.

**૩: સાંધિક રમતો:**

આ રમત વિભાગમાં ગજગ્રાહ (રસ્સા ખેંચ) ભાઈઓ ૬૪૦ કિ.ગ્રા. વજન વિભાગ માં યોજાશે તેમજ બહેનોની ગજગ્રાહ સ્પર્ધા પણ એકજ વિભાગમાં યોજાશે. આ ઉપરાંત ભાઈઓના વિભાગમાં કબડ્ડી અને વોલીબોલની સ્પર્ધા યોજાશે. જયારે બહેનોના વિભાગમાં કબડ્ડી અને દડામારની સ્પર્ધા યોજાશે તથા **દરેક ખાતાએ એક રમતમાં બે જ ટુકડીઓ મોકલી શકશે.** જે ખાતાની ટુકડી થઈ શકે તેમ ન હોય તો તેઓ બીજા ખાતામાંથી હરીફો લઈ ટુકડી બનાવી શકશે. પરંતુ તે ખાતાની અલગ ટુકડી હોવી જોઈએ નહીં.તે માટે ખાતાના વડાનું સર્ટી. લાવવાનું રહેશે. જે ખાતાની ટુકડી હોય તે ખાતાના વડા અથવા નાયબ વડાની સહી પ્રવેશપત્રમાં ખાતાના સિકકા સાથે લાવવાની રહેશે. સાંધિક રમતની એન્ટ્રી માટે સાદા કાગળ ઉપર ખેલાડીઓના નામ તથા તેની સહી હોવી જરુરી છે. સાંધિક રમતની એન્ટ્રી જણાવેલ નિયત સમયમાં વ્યાયામ વિદ્યાલય ખાતે પહોચાડવાની રહેશે. જે ખાતાની બેથી વધુ ટુકડીઓ થતી હોય તે ખાતાઓએ ખેલાડીઓની પસંદગી કરી રમતવાર ફકત **બે જ ટુકડીઓ** નિયત સમયમાં મોકલવાની રહેશે. સાંધિક રમતોની એન્ટ્રી ઉપર જણાવ્યા મુજબ મોકલવાની છે તે માટે કોઈ પણ જાતના ફોર્મનો ઉપયોગ કરવાનો નથી. સ્પર્ધા સમયે જે રમતમાં ત્રણથી ઓછી ટુકડીઓ હાજર હશે તે રમત રદ કરવામાં આવશે.સ્પર્ધા સમયે કોઈ પણ જાતના વાંધાઓ અંગે પ્રિન્સીપાલશ્રી,વ્યાયામ વિદ્યાલયનો નિર્ણય આખરી ગણાશે. તથા જે તે ટુકડીની શિસ્ત અંગેની જવાબદારી જે તે ટુકડીના કેપ્ટન/કોચ/મેનેજરની રહેશે.

**૪: એર રાયફલ શુટીંગ:**

આ સ્પર્ધામાં રાયફલ શુટીગની તાલીમ લીધેલ હોય તેજ કર્મચારી જ ભાગ લઈ શકશે. આ અંગે નું સર્ટી ફોર્મ સાથે આપવાનું રહેશે. કર્મચારીઓએ નોંધ લેવી. આ સ્પર્ધાઓ નીચે જણાવેલ ત્રણ સ્થિતીમાં યોજાશે.

(૧) સ્ટેન્ડિંગ (૨) સીટીંગ (૩)પ્રોન

**૫: સ્વીમીંગ(ભાઈઓ/ બહેનો) :-**

**ફ્રી સ્ટાઈલ ૫૦ મીટર અને ૧૦૦ મીટર (૧) ૩૦ વર્ષ સુધી (૨) ૩૧ થી ૪૫ વર્ષ સુધી (૩) ૪૫ વર્ષ થી ઉપર**

નિયત સમયમાં ફી નહીં ભરનારને સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. જે રમતમાં ચારથી ઓછા હરીફ હશે તે રમત રદ થશે.

આ રમતોત્સવના પુર્ણાહુતી પ્રસંગે મેયરશ્રીની ટીમ તથા કમિશનરશ્રીની ટીમો વચ્ચે ક્રિકેટ તથા ગજગ્રાહની રમતની મૈત્રી મેચો તેમજ નિશાન તાક, બાસ્કેટ બોલ થ્રો, તેમજ કાઉન્સીલરશ્રી બહેનો માટે સંગીત ખુરશીનું આયોજન કરવામાં આવશે. તેમજ શિલ્ડ વિતરણ રમતોત્સવના પુર્ણાહુતિ પ્રસંગે કરવામાં આવશે. આ રમતોત્સવમાંથી પાત્રતા ધરાવતા હરીફો આંતર મ્યુનિ. કોર્પોરેશન, ઝોન તથા અન્ય સ્પર્ધાઓની પસંદગી માટે પાત્ર બનશે. રમતોત્સવના વિજેતા ખેલાડીઓને ઈનામોથી પુરસ્કૃત કરવામાં આવશે. તમામ રમતો નિયમાનુસાર રમાશે.

પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વિજેતાઓને વ્યકિતગત ઈનામો ઉપરાંત ખેલકુદ, ઈન્ડોર રમતો ,રાયફલ શુટીંગ તેમજ સાંધિક રમતોમાં જે ખાતાના કર્મચારીઓ વધુ ગુણ પ્રાપ્ત કરશે તે ખાતાને જે તે રમતનો રનીંગ શિલ્ડ એક વર્ષ માટે એનાયત કરવામાં આવશે. આ શીલ્ડ વ્યાયામ વિદ્યાલય દ્વારા જયારે પણ પરત માંગવામાં આવે ત્યારે પરત કરવાનો રહેશે. ત્યાં સુધી શીલ્ડને સાચવવાની જવાબદારી શીલ્ડ લઈ જનાર મ્યુનિ. અધિકારીની રહેશે.

-: <u>સ્પર્ધાનીવિગત</u> :-

: રમતોનો વિગતવાર કાર્યક્રમ :

| ક્રમ | રમતનું નામ | વિભાગ/સંખ્યા | પ્રવેશપત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ | સ્પર્ધાની તારીખ અને સમય | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | રાયફલ શૂટીંગ | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૦૮/૦૨/૨૦૨૪- ગુરુવાર સવારે :૦૮:૩૦ કલાકે | રાયફલ કલબ ખાનપુર,અ,વાદ |
| ૨ | બેડમીન્ટન | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૦૯/૦૨/૨૦૨૪ શુક્રવાર સવારે :૦૮:૩૦ કલાકે | ખોખરા સ્પોર્ટસ સંકુલ |
| ૩ | કેરમ | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા. ૧૦/૦૨/૨૦૨૪- શનિવાર સવારે :૦૮:૩૦ કલાકે | કાંકરીયા સ્નાનાગાર પુષ્પકુંજ |
| ૪ | ટેબલ ટેનિસ | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૧/૦૨/૨૦૨૪ રવિવાર સવારે :૦૮:૩૦ કલાકે | કાંકરીયા સ્નાનાગાર પુષ્પકુંજ |
| ૫ | ચેસ | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૨/૦૨/૨૦૨૪- સોમવાર સવારે :૦૮:૩૦ કલાકે | કાંકરીયા સ્નાનાગાર પુષ્પકુંજ |
| ૬ | ખેલકુદ | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૩/૦૨/૨૦૨૪-મંગળવાર સવારે :૦૮:૩૦ કલાકે | અં.પુ.વ્યા.વિદ્યાલય |
|  | (૧)દડામાર-૯+૧<br>(૨)ગજગ્રાહ૮+૨<br>(૩) કબડી ૭+૩ | બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૩/૦૨/૨૦૨૪- મંગળવાર બપોરે ૨:૦૦ કલાકે | અં.પુ.વ્યા.વિદ્યાલય |
| ૭ | (૧)કબડી-૭+૩<br>(૨)ગજગ્રાહ-૮+૨ | ભાઈઓ | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૪/૦૨/૨૦૨૪-બુધવાર સવારે :૦૮:૩૦ કલાકે | અં.પુ.વ્યા.વિદ્યાલય |
| ૮ | વોલીબોલ-૬+૪ | ભાઈઓ | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૫/૦૨/૨૦૨૪- ગુરુવાર સવારે :૦૮:૩૦ કલાકે | અં.પુ.વ્યા.વિદ્યાલય |
| ૯ | સ્વીમીંગ | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૬/૦૨/૨૦૨૪- શુક્રવાર સવારે :૦૮:૩૦ કલાકે | સરદાર પટેલ સ્ટેડીયમ, નવરંગપુરા સ્વીમીંગ પુલ |

**નોંધ :ચાલુ વર્ષે પરિપત્રમાં જણાવ્યા મુજબની રમતોની સંખ્યા તથા વજન વિભાગમાં નિયમાનુસાર ભાગ લેવાનો રહેશે. તેમજ પરિપત્ર સાથે પ્રવેશપત્ર ફોર્મ મુકેલ છે.<u>જે ડાઉનલોડ કરી ભાગ લેનાર</u> દરેક કર્મચારીઓએ ચાલુ દિવસોમાં સવારે ૧૧-૦૦ થી સાંજના ૫-૦૦ દરમ્યાન અં.પુ.મ્યુ.વ્યાયામ વિધ્યાલય,કાંકરીયા ખાતે જમા કરાવવાનું રહેશે.આવા સભ્ય પદ અંગે સબંધિત ખાતાનાં અધિકારીશ્રીની અનુમતી મેળવેને જ ભાગ લેવાનો રહેશે. કોઈ પણ તબ્બકે ઉમેદવારો અંગે જે તે ખાતાને અનુમતી મેળવીને જ ભાગ લીધેલ ગણાશે.**

## -: સ્પર્ધાની વિગત:-

## રમતોનો વિગતવાર કાર્યક્રમ

| ક્રમ | રમતનું નામ | વિભાગ/સંખ્યા | પ્રવેશપત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ | સ્પર્ધાની તારીખ અને સમય | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | રાયફલ શૂટીંગ | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૦૮/૦૨/૨૦૨૪- ગુરુવાર સવારે :૦૮:૩૦ કલાકે | રાયફલ કલબ ખાનપુર,અ,વાદ |
| ૨ | બેડમીન્ટન | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૦૯/૦૨/૨૦૨૪ શુક્રવાર સવારે :૦૮:૩૦ કલાકે | ખોખરા સ્પોર્ટસ સંકુલ |
| ૩ | કેરમ | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા. ૧૦/૦૨/૨૦૨૪- શનિવાર સવારે :૦૮:૩૦ કલાકે | કાંકરીયા સ્નાનાગાર પુષ્પકુંજ |
| ૪ | ટેબલ ટેનિસ | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૧/૦૨/૨૦૨૪ રવિવાર સવારે :૦૮:૩૦ કલાકે | કાંકરીયા સ્નાનાગાર પુષ્પકુંજ |
| ૫ | ચેસ | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૨/૦૨/૨૦૨૪- સોમવાર સવારે :૦૮:૩૦ કલાકે | કાંકરીયા સ્નાનાગાર પુષ્પકુંજ |
| ૬ | ખેલકુદ | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૩/૦૨/૨૦૨૪-મંગળવાર સવારે :૦૮:૩૦ કલાકે | અં.પુ.વ્યા.વિદ્યાલય |
| | (૧)દડામાર-૯+૧<br>(૨)ગજગ્રાહ૮+૨<br>(૩) કબડી ૭+૩ | બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૩/૦૨/૨૦૨૪- મંગળવાર બપોરે ૨:૦૦ કલાકે | અં.પુ.વ્યા.વિદ્યાલય |
| ૭ | (૧)કબડી-૭+૩<br>(૨)ગજગ્રાહ-૮+૨ | ભાઈઓ | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૪/૦૨/૨૦૨૪- બુધવાર સવારે :૦૮:૩૦ કલાકે | અં.પુ.વ્યા.વિદ્યાલય |
| ૮ | વોલીબોલ-૬+૪ | ભાઈઓ | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૫/૦૨/૨૦૨૪- ગુરુવાર સવારે :૦૮:૩૦ કલાકે | અં.પુ.વ્યા.વિદ્યાલય |
| ૯ | સ્વીમીંગ | ભાઈઓ/બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૪ | તા.૧૬/૦૨/૨૦૨૪- શુક્રવાર સવારે :૦૮:૩૦ કલાકે | સરદાર પટેલ સ્ટેડીયમ, નવરંગપુરા સ્વીમીંગ પુલ |

**નોંધ :- ચાલુ વર્ષે પરિપત્રમાં જણાવ્યા મુજબની રમતોની સંખ્યા તથા વજન વિભાગમાં નિયમાનુસાર ભાગ લેવાનો રહેશે. તેમજ પરિપત્ર સાથે પ્રવેશપત્ર ફોર્મ મુકેલ છે. જે ડાઉનલોડ કરી ભાગ લેનાર દરેક કર્મચારીઓએ ચાલુ દિવસોમાં સવારે ૧૧-૦૦ થી સાંજના ૫-૦૦ દરમ્યાન અં.પુ.મ્યુ.વ્યાયામ વિધ્યાલય,કાંકરીયા ખાતે જમા કરાવવાનું રહેશે.**

મેનેજર(રીક્રીએશન)
(વ્યા.વિ./સ્નાનાગાર)

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન રમતોત્સવ

## વાર્ષિક રમતોત્સવ

ફોર્મ નં. 

સ્થળઃ અંબુભાઇ પુરાણી મ્યુનિસિપલ વ્યાયામ વિધાલય,કાંકરીયા ,અમદાવાદ-૩૮૦ ૦૨૨

ફોનઃ૦૭૯-૨૫૪૫ ૩૫૯૧

## પ્રવેશપત્રઃ(ખેલકૂદ રમતો)

મહે,પ્રિન્સીપાલ સાહેબ,

હુ આ રમતોત્સવમાં નીચે મુજબ રમતોમાં ભાગ લેવા માંગુ છું તો આ પ્રવેશપત્ર સ્વીકારી આભારી કરશોજી. મે આ અંગેના નિયમો વાંચ્યા છે જે મને કબુલ મંજુર છે.મારી વિગતો નીચે મુજબ છે.

૧. પુરેપૂરૂ નામ :

૨. ઘરનું સરનામુ ; ફોન નં.ઘર : ઓ. :

૩. ખાતાનું નામ : મોબાઇલ નં. :

૪. જન્મ તારીખ : હરીફની સહી :

૫. ૩૧ ડીસે.સુધીની ઉમર વર્ષમાં :

ખાતાના અધિકારીની સહી

ખાતાનો સિક્કો

### -: ખેલકૂદ ભાઈઓ માટેઃ-

| અ. નં. | ૩૦ વર્ષ સુધી<br>અ-વિભાગ | | ૩૧ થી ૪૦ વર્ષ<br>બ-વિભાગ | | ૪૧ થી ૫૦ વર્ષ<br>ક-વિભાગ | | ૫૦વર્ષ ઉપર<br>ડ-વિભાગ | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭૫ મી.દોડ | | ૭૫ મી.દોડ | | ૭૦ મી.દોડ | | ૫૦ મી.દોડ | |
| ૨ | ઉંચીકૂદ | | ઉંચીકૂદ | | નિશાનતાક(૭ મી.) | | નિશાનતાક(૫ મી.) | |
| ૩ | લાંબીકૂદ | | લાંબીકૂદ | | વોલીબોલ ફેંક | | વોલીબોલ ફેંક | |
| ૪ | વોલીબોલ ફેંક | | વોલીબોલ ફેંક | | લાંબીકૂદ | | બેઝબોલ ફેંક | |
| ૫ | ગોળાફેંક(૧૬ રતલ) | | ગોળાફેંક(૧૬ રતલ) | | ગોળાફેંક(૧૨ રતલ) | | ગોળાફેંક(૮ રતલ) | |

### -: ખેલકૂદ બહેનો માટેઃ-

| અ. નં. | ૩૦ વર્ષ સુધી<br>અ-વિભાગ | | ૩૧ થી ૪૦ વર્ષ<br>બ-વિભાગ | | ૪૧ થી ૫૦ વર્ષ<br>ક-વિભાગ | | ૫૦વર્ષ ઉપર<br>ડ-વિભાગ | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭૫ મી.દોડ | | ૭૫ મી.દોડ | | ૭૦ મી.દોડ | | ૫૦ મી.દોડ | |
| ૨ | બેઝબોલ ફેંક | | બેઝબોલ ફેંક | | ૫૦ મી.ઘડા દોડ | | ૪૦ મી.ઘડા દોડ | |
| ૩ | લાંબીકૂદ | | ૫૦ મી.ઘડા દોડ | | નિશાનતાક(૫ મી.) | | નિશાનતાક(૫ મી.) | |
| ૪ | વોલીબોલ ફેંક | | વોલીબોલ ફેંક | | બેઝબોલ ફેંક | | બેઝબોલ ફેંક | |
| ૫ | ગોળાફેંક(૮ રતલ) | | ગોળાફેંક(૮ રતલ) | | વોલીબોલ ફેંક | | વોલીબોલ ફેંક | |

---

### પહોચ

**ભાગ લીધેલ રમતનું નામ (૧) (૨) (૩) વિભાગ ( )**

શ્રીમાન/શ્રીમતી,આપનું વાર્ષિક રમતોત્સવ ખેલકૂદનું પ્રવેશપત્ર મળેલ છે.આ પહોચ સ્પર્ધા સમયે સાથે લાવવી.

તા. / /૨૦ ફોર્મ લેનારની સહી

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## સાંઘિક/ખેલકૂદ રમતો માટે સૂચનાઓ

૧. જે જે રમતોમાં ભાગ લેવો હોય તેની સામેના ખાનામાં (√) ની નિશાની કરવી.

૨. તમામ વિભાગના ભાઇઓ તેમજ બહેનો પોતાના વિભાગની વધુમાં વધુ ૩ (ત્રણ) રમતોમાં ભાગ લઇ શકશે.જો કોઇ હરીફ ત્રણ રમત કરતાં વધુ રમતમાં ભાગ લેતાં માલુમ પડશે,તો તેમની તમામ રમતો રદ કરવામાં આવશે તથા હરીફને બે વર્ષ માટે રમતોત્સવમાંથી બરતરફ કરવામાં આવશે.

૩. જે રમતોમાં હરીફોની સંખ્યા ચાર કરતા ઓછી હશે,તે રમતો રદ કરવામાં આવશે.જેની જાહેરાત સ્પર્ધા સમયે કરવામાં આવશે.

૪. મ્યુનિ.કોર્પોરેશનના જુદાજુદા ખાતા કબડ્ડી (ભાઇ-બહેનો) વોલીબોલ (ભાઇઓ) ની રમતમાં ભાગ લેવા માટે રમત દીઠ બે ટુકડીઓ મોકલી શકશે.કબડ્ડી માટે (૭+૩),વોલીબોલ માટે (૬+૪) અને ગજગ્રાહમાં એક ટુકડીમાં (૮+૨) ખેલાડીની સંખ્યા (વજન ૬૪૦ કિ.ફકત ભાઇઓ) મોકલી શકશે તે ટુકડી ખાતાના મુખ્ય વડા/નાયબ વડાની સહી સિક્કા સાથે જ મોકલી શકશે.ટુકડીની એન્ટ્રીમાં નિયમ સંખ્યા કરતા વધુ નામવાળી એન્ટ્રી હશે તો વધુ નામવાળી એન્ટ્રી રદ થશે.

૫. રાયફલ શુટીંગની હરીફાઇ માટે ભાઇઓ તથા બહેનો પરિપત્રમાં જણાવ્યા મુજબ સમયસર હાજર રહેવુ રાયફલ શુટીંગ સ્પર્ધામાં મ્યુનિ.કોર્પો.રાયફલ કલબના સભ્યો જ ભાગ લઇ શકશે.(ભાગ લેનાર કર્મચારીએ રાયફલ શુટીંગની ટ્રેનીગ લીધેલી હોવી જરૂરી છે.-સર્ટી લાવવુ)

૬. હરીફને જ્યારે રમવાનું હોય ત્યારે પહોચ સાથે સમયસર હાજર રહેવુ પડશે. જો તેમ નહી થાય તો સામેના હરીફને વિજેતા જાહેર કરવામાં આવશે.

૭. દરેકે પોતાને રમવાની તારીખ અને સમય અં.પુ.વ્યાયામ વિધ્યાલય કાંકરીયા ના નોટીસ બોર્ડ ઉપર જોઇને નોંધી લેવા.તે સિવાય અન્ય રીતે જાણ કરવામાં આવશે નહી.

૮. આ રમતોત્સવની કોઇ પણ સ્પર્ધામાં ભાગ લેનાર હરીફને કોઇ પણ જાતનો અકસ્માત, જાનહાની કે નુકશાન થાય તેની કોઇ પણ જવાબદારી સંચાલક અથવા અ.મ્યુ.કો.ની રહેશે નહી.હરિફો પોતાની જવાબદારી અને જોખમે સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

૯. સ્પર્ધકે કિમતી ચીજ વસ્તુઓ પોતાની સાથે લાવવી નહી છતાં લાવ્યા હશે તો પોતાની સાથે લાવેલ કિમતી ચીજ વસ્તુઓ સાચવવાની જવાબદારી સ્પર્ધકની પોતાની રહેશે.

૮. પોતાનું પ્રવેશપત્ર સમયસર વ્યાયામ વિધ્યાલયમાં પહોચાડવાની તથા તેની પહોચ મેળવી લેવાની જવાબદારી હરીફની રહેશે.

૯. પૂર્ણાહુતિ- ઇનામ વિતરણ સમારંભ પ્રસંગે મેયરશ્રી અને કમિશનરશ્રીની ટીમ વચ્ચે ગજગ્રાહ અને ક્રિકેટની રમતની મૈત્રી સ્પર્ધા યોજાશે તેમજ મ્યુ.કાઉન્સીલરશ્રીઓની બહેનો માટે સંગીત ખુરશી/નિશાનતાક જેવી રમત રમાશે.

**૧૦. પ્રવેશપત્રમાં સંપૂર્ણ વિગતો ભરી ખાતાના અધિકારીના સહી/સિકકા નહી હોય તો તે પ્રવેશપત્ર રદબાતલ કરવામાં આવશે. જેનીનોંધ લેવી.**

૧૧.ઇન્ડોર રમત અને ખેલકૂદ રમતો માટે અલગ-અલગ ફોર્મ રાખવામાં આવેલ છે.સાંઘિક રમતોની એન્ટ્રી સાદા કાગળ ઉપર હરીફોની સહી તથા ખાતાના અધિકારીની સહી સિકકા સાથે લાવવી જરૂરી છે.

---

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન રમતોત્સવ

સ્થળ: અંબુભાઇ પુરાણી મ્યુનિસિપલ વ્યાયામ વિધાલય,કાંકરીયા ,અમદાવાદ-૩૮૦ ૦૨૨

ફોન:૦૭૯-૨૫૪૫ ૩૫૯૧

## પ્રવેશપત્ર:(ઇન્ડોર રમતો)

મહે,પ્રિન્સીપાલ સાહેબ,

હુ આ રમતોત્સવમાં નીચે મુજબ રમતોમાં ભાગ લેવા માંગુ છું તો આ પ્રવેશપત્ર સ્વીકારી આભારી કરશોજી. મે આ અંગેના નિયમો વાંચ્યા છે જે મને કબુલ મંજુર છે.મારી વિગતો નીચે મુજબ છે.

૧.પુરેપૂરૂ નામ :

૨.ઘરનું સરનામુ ; ફોન નં.ઘર : ઓ. :

૩.ખાતાનું નામ : મોબાઇલ નં. :

૪.જન્મ તારીખ : હરીફની સહી :

૫.૩૧ ડીસે.સુધીની ઉમર વર્ષમાં : **ખાતાના અધિકારીની સહી અને સિક્કો**

| ક્રમ | રમતનું નામ | ઉમર પ્રમાણે વિભાગ | × | પાર્ટનરનું નામ | ક્રમ | રમતનું નામ | ઉમર પ્રમાણે વિભાગ | × | પાર્ટનરનું નામ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બેટમિંટન સિંગલ્સ ભાઇઓ | ૪૫ નીચે | | | ૧૪ | બેટમિંટન સિંગલ્સ બહેનો | ૪૫ નીચે | | |
| ૨ | બેટમિંટન સિંગલ્સ ભાઇઓ | ૪૫ ઉપર | | | ૧૫ | બેટમિંટન સિંગલ્સ બહેનો | ૪૫ ઉપર | | |
| ૩ | બેટમિંટન ડબલ્સ ભાઇઓ | ૪૫ નીચે | | | ૧૬ | બેટમિંટન ડબલ્સ બહેનો | ૪૫ નીચે | | |
| ૪ | બેટમિંટન ડબલ્સ ભાઇઓ | ૪૫ ઉપર | | | ૧૭ | બેટમિંટન ડબલ્સ બહેનો | ૪૫ ઉપર | | |
| ૫ | ટેબલ-ટેનીસ સીગલ્સ ભાઇઓ | ૪૫ નીચે | | | ૧૮ | ટેબલ-ટેનીસ સીગલ્સ બહેનો | ૪૫ નીચે | | |
| ૬ | ટેબલ-ટેનીસ સીગલ્સ ભાઇઓ | ૪૫ ઉપર | | | ૧૯ | ટેબલ-ટેનીસ સીગલ્સ બહેનો | ૪૫ ઉપર | | |
| ૭ | ટેબલ-ટેનીસ ડબલ્સ ભાઇઓ | ૪૫ નીચે | | | ૨૦ | ટેબલ-ટેનીસ ડબલ્સ બહેનો | ૪૫ નીચે | | |
| ૮ | ટેબલ-ટેનીસ ડબલ્સ ભાઇઓ | ૪૫ ઉપર | | | ૨૧ | ટેબલ-ટેનીસ ડબલ્સ બહેનો | ૪૫ ઉપર | | |
| ૯ | કેરમ સીગલ્સ ભાઇઓ | ઉમર બાધ સિવાય | | | ૨૨ | કેરમ સીગલ્સ બહેનો | ઉમર બાધ સિવાય | | |
| ૧૦ | કેરમ ડબલ્સ ભાઇઓ | ઉમર બાધ સિવાય | | | ૨૩ | કેરમ ડબલ્સ બહેનો | ઉમર બાધ સિવાય | | |
| ૧૧ | ચેસ ભાઇ | ઉમર બાધ સિવાય | | | ૨૪ | ચેસ બહેનો | ઉમર બાધ સિવાય | | |
| ૧૨ | બેટમિંટન મિકસ ડબલ્સ (એક ભાઇ,એક બહેનો) | ૪૫ નીચે | | | ૨૫ | ટેબલ ટેનીસ મિકસ ડબલ્સ (એક ભાઇ,એક બહેનો) | ૪૫ નીચે | | |
| ૧૩ | બેટમિંટન મિકસ ડબલ્સ (એક ભાઇ,એક બહેનો) | ૪૫ ઉપર | | | ૨૬ | ટેબલ ટેનીસ મિકસ ડબલ્સ (એક ભાઇ,એક બહેનો) | ૪૫ ઉપર | | |
| | | | | | ૨૭ | રાયફલ શુટીંગ | | | |

### પહોચ

શ્રીમાન/શ્રીમતી,

આપનું વાર્ષિક રમતોત્સવ ઇન્ડોર રમતનું પ્રવેશપત્ર મળેલ છે.આ પહોચ સ્પર્ધા સમયે સાથે લાવવી.

તા. / /૨૦ ફોર્મ લેનારની સહી

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન રમતોત્સવ

## ઈન્ડોર રમતો - સૂચનાઓ

૧. જે જે રમતોમાં ભાગ લેવો હોય તેની સામેના ખાનામાં (×) ની નિશાની કરવી.
૨. તમામ વિભાગના ભાઈઓ તેમજ બહેનો પોતાના વિભાગની વધુમાં વધુ ૫ (પાંચ) રમતોમાં ભાગ લઈ શકશે. જો કોઈ હરીફ પાંચ રમત કરતા માલુમ પડશે તો તેમની તમામ રમત રદ્દ કરવામાં આવશે તથા હરીફને બે વર્ષમાં રમતોત્સવમાંથી બરતરફ કરવામાં આવશે.
૩. જે રમતોમાં હરીફોની સંખ્યા ૪ કરતા ઓછી હશે. તે રમતો રદ્દ કરવામાં આવશે જેની જાહેરાત સ્પર્ધા સમય કરવામાં આવશે.
૪. હરીફને જયારે રમવાનું હોઇ ત્યારે પહોચ સાથે સમયસર હાજર રહેવું પડશે જો તેમ નહી થાય તો સામેના હરીફને વિજેતા જાહેર કરવામાં આવશે.
૫. દરેક હરીફને પોતાને રમવાની તારીખ અને સમય વ્યાયામ વિધાલયના નોટિસ બોર્ડ ઉપર જોઇને નોધી લેવા તે સિવાય અન્ય રીતે જાણ કરવામાં આવશે નહી.
૬. પોતાનું પ્રવેશ પત્ર સમયસર અં.પુ.વ્યા.વિધાલયમાં પહોચાડવાની તથા તેની પહોચ મેળવી લેવાની જવાબદારી હરીફની રહેશે.
૭. ડબલ્સ,મિક્સ ડબલ્સની એન્ટ્રી પાર્ટનર ના નામ સિવાય સ્વીકારમાં આવશે નહી અને પાર્ટનરનું નામ પાછળથી બદલવામાં દેવા આવશે નહી પાર્ટનરની લેખીત સમંતિ આ ફોર્મ લાવવી.
**૮. પ્રવેશપત્રમાં સંપૂર્ણ વિગતો ભરી ખાતાના અધિકારીના સહી/સિકકા નહી હોય તો તે પ્રવેશપત્ર રદબાતલ કરવામાં આવશે. જેનીનોંધ લેવી.**
૯. ઈન્ડોર રમતો અને ખેલકુદ રમતો માટે અલાયદા ફોર્મ રાખવામાં આવેલ છે.
૧૦.રાયફલ શુટીંગની રમત અલગથી ગણત્રીમાં લેવામાં આવશે.

### -: ડબલ્સ રમતો અંગે પાર્ટનરનું સંમતિપત્રક :-

| ક્રમ નંબર | રમતનું નામ | પાર્ટનરનું નામ | પાર્ટનરનું ખાતુ | સંમતિ બદલ પાર્ટનરની સહી |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |

---

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

વાર્ષિક રમતોત્સવ

## ઈન્ડોર રમતો

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન રમતોત્સવ

## વાર્ષિક રમતોત્સવ

સ્થળઃ અંબુભાઇ પુરાણી મ્યુનિસિપલ વ્યાયામ વિધાલય,કાંકરીયા ,અમદાવાદ-૩૮૦ ૦૨૨

ફોનઃ૦૭૯-૨૫૪૫ ૩૫૯૧

## પ્રવેશપત્રઃ(સ્વીમીગની રમતો)

મહે,પ્રિન્સીપાલ સાહેબ,

હુ આ રમતોત્સવમાં નીચે મુજબ રમતોમાં ભાગ લેવા માંગુ છું તો આ પ્રવેશપત્ર સ્વીકારી આભારી કરશોજી. મે આ અંગેના નિયમો વાંચ્યા છે જે મને કબુલ મંજુર છે.મારી વિગતો નીચે મુજબ છે.

૧. પુરેપૂરૂ નામ :

૨. ઘરનું સરનામુ ; ફોન નં.ઘર : ઓ. :

૩. ખાતાનું નામ : મોબાઇલ નં. :

૪. જન્મ તારીખ : હરીફની સહી :

૫. ૩૧ ડીસે.સુધીની ઉમર વર્ષમાં :

ખાતાના અધિકારીની સહી

ખાતાનો સિક્કો

**-: સ્વીમીંગ ભાઇઓ/બહેનો માટેઃ-**

| અ.નં. | રમતનું નામ | ૩૦ વર્ષ સુધી | | ૩૧ થી ૪૫ વર્ષ સુધી | | ૪૫ વર્ષ થી ઉપર | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧ | ૫૦ મીટર ફ્રી સ્ટાઇલ | | | | | | |
| ૨ | ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ | | | | | | |

---

**પહોચ**

શ્રીમાન/શ્રીમતી,

આપનું વાર્ષિક રમતોત્સવ ખેલકૂદનું પ્રવેશપત્ર મળેલ છે.આ પહોચ સ્પર્ધા સમયે સાથે લાવવી.

તા.   /   /૨૦ ફોર્મ લેનારની સહી

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

# સ્વીમીંગ રમત માટે સૂચનાઓ

૧. જે વિભાગમાં ભાગ લેવો હોય તેની સામેના ખાનામાં (√) ની નિશાની કરવી.

૨. સ્વીમીંગના જાણકાર તથા સ્વીમીંગ કરવા સક્ષમ હોય તેવા સ્પર્ધકેજ સ્વીમીંગની રમતમાં ભાગ લેવાનો રહેશે.

૩. આ રમતોત્સવની કોઈ પણ સ્પર્ધામાં ભાગ લેનાર હરીફને કોઈ પણ જાતનો અકસ્માત, જાનહાનિ કે નુકશાન થાય તેની કોઈ પણ જવાબદારી સંચાલક અથવા અ.મ્યુ.કો.ની રહેશે નહી.હરિફો પોતાની જવાબદારી અને જોખમે સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

૪. તમામ વિભાગના ભાઈઓ તેમજ બહેનો એક વિભાગમાં  ભાગ લઈ શકશે એક થી વધુ વિભાગમાં  ભાગ લેતાં માલુમ પડશે,તો તેમની તમામ રમતો રદ કરવામાં આવશે તથા હરીફને બે વર્ષ માટે રમતોત્સવમાંથી બરતરફ કરવામાં આવશે.

૫. જે રમતોમાં હરીફોની સંખ્યા ચાર કરતા ઓછી હશે,તે રમતો રદ કરવામાં આવશે.જેની જાહેરાત સ્પર્ધા સમયે કરવામાં આવશે.

૬.  દરેકે પોતાને રમવાની તારીખ અને સમય અં.પુ.વ્યાયામ વિદ્યાલય કાંકરીયા ના નોટીસ બોર્ડ ઉપર જોઈને નોંધી લેવા.તે સિવાય અન્ય રીતે જાણ કરવામાં આવશે નહી.

૭. સ્પર્ધકે કિમતી ચીજ વસ્તુઓ પોતાની સાથે લાવવી નહી છતાં લાવ્યા હશે તો પોતાની સાથે લાવેલ કિમતી ચીજ વસ્તુઓ સાચવવાની જવાબદારી સ્પર્ધકની પોતાની રહેશે.

૮. પોતાનું પ્રવેશપત્ર સમયસર વ્યાયામ વિદ્યાલયમાં પહોચાડવાની તથા તેની પહોચ મેળવી લેવાની જવાબદારી હરીફની રહેશે.

૯. સ્પર્ધાના સમયે સ્વીમીંગ કોચ્યુમમાં ભાગ લેવાનો રહેશે.

**૧૦. પ્રવેશપત્રમાં સંપૂર્ણ વિગતો ભરી ખાતાના અધિકારીના સહી/સિકકા નહી હોય તો તે પ્રવેશપત્ર રદબાતલ કરવામાં આવશે. જેનીનોંધ લેવી.**